# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

***************************************************

**1)** પ્રધાનમંત્રીએ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આહારથી માંડીને વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુ મંત્ર આપ્યો

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસે જવા રવાના

**3)** રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ આજે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી.

**4)** કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, ભારત એરો સ્પેસ ઉપકરણો અને કોમ્પલેક્સ સિસ્ટમ એસેમ્બલીનું વૈશ્વિક કેન્દ્ર બન્યું છે.

**5)** ટ્રમ્પે અમેરિકામાં સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા નવા વેરા લાદવાની જાહેરાત કરી

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARIKSHA PE CHARCHA EARLY PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે બોર્ડની પરીક્ષા અંગે વાતચીત કરી હતી અને પરીક્ષાનાં તણાવથી કઈ રીતે દૂર રહેવું તેનું માર્ગદર્શન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આહારથી માંડીને વ્યવહાર અને વિચાર સુધીનો ગુરુમંત્ર આપ્યો હતો.

*(BYTE-PM target )*

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ઉંઘ પૂરી આવે છે કે નહીં તેનો સંબધ પોષણ સાથે છે. ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાજરી અને શાકભાજીના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે પરીક્ષાની મોસમ દરમિયાન થતાં દબાણ છતાં વિદ્યાર્થીઓએ સકારાત્મક રહેવું જોઈએ.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને કેવી રીતે દૂર કરવી તેનું માર્ગદર્શન આપ્યું હતું.

*(BYTE-PM PRESSURE)*

પ્રધાનમંત્રીએ પોષણ અને સુખાકારીના મહત્વ પર ભાર મૂક્યો અને કહ્યું કે ઊંઘ પોષણ પર આધારિત છે, તે દર્શાવે છે કે તબીબી વિજ્ઞાન ઊંઘના મહત્વને ઓળખે છે. તેમણે વિદ્યાર્થીઓને સવારના તડકામાં સમય વિતાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

# PARIKSHA PE CHARCHA EARLY PAGE-2

તેલંગાણાના વિદ્યાર્થી અલુવેલા સૈતેજાએ કહ્યું કે પ્રધાનમંત્રીના શબ્દો પ્રેરણાદાયક હતા અને પરીક્ષા દરમિયાન તેમના માટે મદદરૂપ થશે. પ્રીતિ બિસ્વાલે શ્રી મોદીને દેશના પ્રતિભાશાળી અને મહેનતુ વિદ્યાર્થીઓને સલાહ આપવા કહ્યું. પ્રશ્નનો જવાબ આપતા,. કેરળની વિદ્યાર્થિની આકાંક્ષાએ એક કવિતા સંભળાવી હતી...

*(BYTE-AKANSHA)*

આ કાર્યક્રમનું આકાશવાણી, દૂરદર્શન, સ્વયં, સ્વયં પ્રભા, PMO યુટ્યુબ ચેનલ અને શિક્ષણ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયોની સોશિયલ મીડિયા ચેનલો પર જીવંત પ્રસારણ થયું હતું.

# PM FRANCE US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાંસ અને અમેરિકાના રાજદ્વારી પ્રવાસ માટે રવાના થયા છે. નવી દિલ્હીથી રવાના થતા અગાઉ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મેક્રોના આમંત્રણ પર હું તારીખ 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન ફ્રાન્સની મુલાકાત લઈશ. પેરિસમાં હું AI એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરવા માટે આતુર છું. જે વિશ્વના નેતાઓ અને વૈશ્વિક ટેક સીઈઓનું એક સંમેલન છે.

પ્રધાનમંત્રી ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રો સાથે ભારત-ફ્રાંસ વ્યૂહાત્મક ભાગીદારી માટે 2047 હોરાઇઝન રોડમેપ પર પ્રગતિની સમીક્ષા કરશે અને માર્સિલેનીમાં પ્રથમ ભારતીય કોન્સ્યુલેટનું ઉદ્ઘાટન કરશે તેઓ  આંતરરાષ્ટ્રીય થર્મોન્યુક્લિયર પ્રાયોગિક રિએક્ટર પ્રોજેક્ટની પણ મુલાકાત લેશે અને પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોને મઝારગ્યૂઝ યુદ્ધ કબ્રસ્તાનમાં શ્રદ્ધાંજલિ પણ આપશે.

ફ્રાંસથી તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર બે દિવસની યુનાઇટેડ સ્ટેટ્સની મુલાકાતે જશે. જાન્યુઆરીમાં ટ્રમ્પની ઐતિહાસિક ચૂંટણી જીત અને શપથગ્રહણ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલી મુલાકાત છે. તેમણે પોતાના નિવેદનમાં ટ્રમ્પના અગાઉના કાર્યકાળમાં થયેલી ભાગીદારીને પણ યાદ કરી હતી.

# PRESIDENT KUMBH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પ્રયાગરાજમાં મહાકુંભની મુલાકાત દરમિયાન ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

રાષ્ટ્રપતિએ પ્રયાગરાજમાં અક્ષયવટ અને બડે હનુમાન મંદિરમાં પણ દર્શન કર્યા હતા. તેમણે ડિજિટલ મહાકુંભ એક્સપિરિયન્સ સેન્ટરમાં આધુનિક ટેકનોલોજી દ્વારા મહાકુંભ વિશેની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબને પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા હતા.

અત્યાર સુધી 43 કરોડ શ્રધ્ધાળુઓએ મહાકુંભની મુલાકાત લીધી છે અને ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી છે.

# RS-SONIA FOOD SECURITY

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ આજે રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન દેશમાં ખાદ્ય સુરક્ષા કાયદાના વધુ અસરકારક અમલીકરણનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે દાવો કર્યો કે, દેશવ્યાપી વસ્તી ગણતરીમાં વિલંબ થવાને કારણે લગભગ 14 કરોડ પાત્ર લોકો ખાદ્ય સુરક્ષા લાભ મેળવવાથી વંચિત રહ્યા છે. તેમણે શક્ય તેટલી વહેલી તકે નવી વસ્તી ગણતરી કરાવવાની માંગ કરી.

તેમણે એમ પણ કહ્યું કે, ખાદ્ય સુરક્ષા એ કોઈ વિશેષાધિકાર નથી પરંતુ મૂળભૂત અધિકાર છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MANIPUR BUDGET SESSION

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યાના થોડા કલાકો પછી, રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ આજ થી શરૂ થનાર પ્રસ્તાવિત વિધાનસભા સત્ર રદ કરી દીધું હતું . રાજ્યપાલે, બિરેન સિંહનું રાજીનામું સ્વીકારી લીધું છે. હાલ પૂરતું, બિરેન સિંહ કાર્યકારી મુખ્યમંત્રી રહેશે.

રાજ્યપાલે 24 જાન્યુઆરીના રોજ જારી કરાયેલા તેમના અગાઉના આદેશને રદ કર્યો, જેમાં વિધાનસભા સત્ર બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યમાં ચાલી રહેલી રાજકીય અસ્થિરતા વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. મણિપુરમાં અશાંત પરિસ્થિતિ વચ્ચે સરકાર ચલાવનારા બિરેન સિંહે, ગઇકાલે રાજભવન ખાતે ભાજપના નેતાઓ અને ધારાસભ્યોની હાજરીમાં પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું.

# AERO INDIA SHOW

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, આજનાં સમયમાં ભારત એરો સ્પેસ ઉપકરણો અને કોમ્પલેક્સ સિસ્ટમ એસેમ્બલીનું વૈશ્વિક કેન્દ્ર બની ગયું છે. આ સફળતામાં જાહેર ક્ષેત્રની સાથે સાથે આપણા ખાનગી ઉદ્યોગો પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

બેંગલુરુમાં એરો ઇન્ડિયા શોની 15મી આવૃત્તિનો પ્રારંભ કરાવતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, ભારત પરિવર્તનનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. ભારત વિકાસશીલ દેશમાંથી વિક્સિત ભારત બનવા તરફ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે.

તેમણે જણાવ્યું કે, એરો શોમાં 452 ભારતીય પ્રદર્શકો અને 57 વિદેશી પ્રદર્શકો હાજર છે, જે ભારતના સંરક્ષણ ઉદ્યોગની તાકાત પ્રદર્શિત કરે છે. પાંચ દિવસનાં શોમાં ભારતની સંરક્ષણ ક્ષમતાઓ પ્રદર્શિત કરવામાં આવશે.

# I PHONE Exports

ભારતે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રથમ વાર આઇફોનની નિકાસમાં 1 લાખ કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો છે. એક અંગ્રેજી દૈનિકમાં પ્રકાશિત લેખ રજૂ કરતા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે તેનો શ્રેય સરકારની ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રોત્સાહન યોજનાને આપ્યો છે.

તેમણે જણાવ્યું કે, આવતા વર્ષ સુધી સ્માર્ટફોનની કુલ નિકાસ 2 લાખ 25 હજાર કરોડ રૂપિયાને પાર જવાની સંભાવના છે.

# TRUMP- NEW TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા નવા વેરા લાદવાની જાહેરાત કરી છે. નવા વેરા આજે જાહેર કરવામાં આવશે. ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે તેઓ આવતીકાલ અથવા બુધવારે પારસ્પરિક વેરાની પણ જાહેરાત કરશે, જે લગભગ તરત જ અમલમાં આવશે.

ગત 1 ફેબ્રુઆરીએ શ્રી ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી થતી આયાત પર 25 ટકા વધારાના વેરા લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા જેનો વ્યાપક વિરોધ થયો હતો. જો કે, વાટાઘાટો માટે પરવાનગી આપવા માટે તેમણે મેક્સિકો અને કેનેડા પરના વેરાને એક મહિના માટે સ્થગિત કર્યા હતા.

# PAKISATAN ENCOUNTER

પાકિસ્તાનમાં સુરક્ષા દળોએ, સાત આતંકવાદીઓને ઠાર માર્યા હતાં. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં અલગ અલગ અથડામણોમાં, સાત આતંકવાદીઓ માર્યા ગયા અને એક સૈનિક શહીદ થયો હતો. સેનાની મીડિયા વિંગ ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ અનુસાર,'સુરક્ષા દળોએ 8 અને 9 ફેબ્રુઆરીની રાત્રે વઝીરિસ્તાનના મીર અલી તહસીલ અને ડેરા ઇસ્માઇલ ખાન જિલ્લાના મદ્દી વિસ્તારમાં, ગુપ્તચર માહિતીને પગલે બે અલગ અલગ ઓપરેશન હાથ ધર્યા હતાં.